ઇરાને એક વધુ યોજનામાંથી ભારતને દુર કરી દીધું

નવીદિલ્હી, ઈરાને ભારતને એક મોટો ઝાટકો આપવાની તૈયારી કરી લીધી હોય તેમ લાગી રહ્યુ છે. ચાહબાર-જાહિદાન રેલવે પ્રોજેક્ટથી ભારતને બહાર કાઢ્યા બાદ એક બીજી મોટી પરિયોજના ભારતના હાથમાંથી સરી જાય તેવુ લાગી રહ્યુ છે. આ યોજના ગેસ ફીલ્ડ ફારઝાદ બી બ્લોકના વિકારને લઈને કરવામાં આવી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ વાસ્તવે ગુરૂવારે આ જાણકારી આપી હતી.

ઈરાને કહ્યું છે કે ભારત આ પ્રોજેક્ટમાં પછીથી જોડાઈ શકે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, “ફરઝાદ-બી ગેસ ક્ષેત્રના કરાર અંગે પણ ઘણા અહેવાલો છે. આમાં ભારતની ઓએનજીસીનો સમાવેશ થાય છે. જો કે, ઈરાનથી નીતિગત ફેરફારોને કારણે દ્વિપક્ષીય સહયોગને અસર થઈ છે. જાન્યુઆરી ૨૦૨૦ માં અમને કહેવામાં આવ્યું હતું કે ભવિષ્યમાં ઈરાન આ ગેસફિલ્ડનો વિકાસ તેના પોતાના પર કરશે અને તે પછીના તબક્કામાં ભારતની હાજરી ઈચ્છે છે. આ બાબતે ચર્ચા કરશે. ભારત વર્ષ ૨૦૦૯થી ગેસ ક્ષેત્રના કરાર મેળવવાનો પ્રયાસ કરી રહ્યુ છે. ફરઝાદ-બી બ્લોકમાં ગેસનો ભંડાર ૨૧.૬ ટ્રિલિયન ક્યુબિક ફીટ છે. રીપોર્ટ છે કે અગાઉ ઈરાન અને ‘દ્રવ્ઝનો વિદેશનો સંયુક્ત પ્રોજેક્ટ હતો, હવે તે સ્થાનિક કંપનીને સોંપવામાં આવી શકે છે. અમેરિકા-ઈરાન સાથેના પરમાણુ કરારને સમાપ્ત કરીને, તેના પર તમામ પ્રકારના પ્રતિબંધો લાદ્યા, જેની અસર ઈરાનમાં ભારતના પ્રોજેક્ટ્સ પર પણ થઈ છે.જો કે વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ચાહબાર-જાહિદાન રેલવે પ્રોજેક્ટમાંથી ભારત બહાર થયુ હોવાના અહેવાલો અંગે ગોળ ગોળ વાત કરી છે. તેમણે એમ કહીને આ બોલ ઈરાન તરફ ફેંક્યો કે ઈરાનના પ્રોજેક્ટ્સ પ્રત્યે શું નિર્ણય લે છે તે રાહ જોવાઈ રહી છે.

રાહુલે બતાવ્યું કે કેવી રીતે ચીન અને પડોશી દેશોના ભારત સાથે સંબંધ બગડ્યાં

નવીદિલ્હી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર આરોપ લગાવ્યો છેકે વર્ષ ૨૦૧૪થી જ તેઓ મોટી ભુલ કરી રહ્યાં છે જેને સૈદ્ધાંતિક તરીકે દેશને કમજોર બનાવી દીધો અને આપણને એવો બનાવી દીધો છે કે આપણે અસુરક્ષિત થઈ ગયા. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારના રોજ એક વધુ વીડિયો જાહેર કર્યો. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે જીવંત રાજકારણમાં માત્ર શબ્દો પૂરતા નથી.

રાહુલ ગાંધીએ વીડિયોની શરૂઆતમાં કહ્યું કે સવાલ એ છે કે ચીને ન્છઝ પર હુમલો કરવા માટે અત્યારનો જ સમય કેમ પસંદ કર્યો? ભારતની હાલની સ્થિતિમાં એવું તો શું છે કે જેને ચીનને આક્રમણ થવા અંગે તક આપી. રાહુલ ગાંધીએ કહ્યું કે હાલની પરિસ્થિતિમાં એવું શું વિશેષ છે કે જેને ચીનને વિશ્વાસ થઈ ગયો છે કે ભારત વિરુદ્ધ હિંમત કરી શકે છે. જેને સમજવા માટે આપણે ઘણા પાસાઓ પર ચર્ચા કરવી પડશે.

વીડિયો રાહુલ ગાંધીએ કહ્યું કે કોઈપણ દેશની સુરક્ષા એક જ પોઈન્ટ પર ટકી શકે નહીં પરંતુ તેના બીજા ઘણા મહત્વના પાસાઓ હોય છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ઘણી શક્તિઓ અને વ્યવસ્થાઓની સાથે ચાલીવાની સાથે દેશની સુરક્ષા સુનિશ્ચિત થાય છે. રાહુલે કહ્યું કે દેશની સુરક્ષા વિદેશ નીતિ, પડોશી રાષ્ટ્રો, ઈકોનોમી અને જનતાની ભાવનાઓ સાથે જોડાયેલી હોય છે. છેલ્લા ૬ વર્ષમાં ભારત સામે આમાંથી દરેક ક્ષેત્રમાં સંકટ આવ્યું છે. મોદી સરકાર પર સવાલ ઉઠાવતાં રાહુલ ગાંધીએ કહ્યું કે આપણા વિદેશી સંબંધ દુનિયામાં ઘણા દેશો કરતા આપણા સારા સંબંધ રહ્યાં છે. આ દેશ આપાણ સહયોગ હતા. જાપાન, અમેરિકા, રશિયા, યૂરોપથી આપણા સારા સંબંધ રહ્યાં છે. પરંતુ આજના સમયે આ સંબંધ માત્ર મતલબ પુરતા સીમિત રહ્યાં છે. અમેરિકા સાથે હાલના સંબંધ લેણ-દેણ પર આધારિત છે. રશિયાથી આપાણા સંબંધ બગડી ગયા છે. યૂરોપીય રાષ્ટ્રો સાથે પણ આપણા સંબંધ માત્ર મતલબ સુધી સીમિત રહ્યાં છે.

પાડોશી દેશો પર ચર્ચા કરતાં રાહુલ ગાંધીએ વીડિયોમાં કહ્યું કે પાકિસ્તાનને છોડીને પહેલા નેપાળ, ભૂટાન, લંકા આપણા મિત્રો હતા અને તેઓ ભારતની સાથે મળીને કામ કરતા હતા અને ભારતને પોતાના ભાગીદાર માનતા હતા. આજે નેપાળ આપણાથી નારાજ છે. તમે નેપાળ જશો અને ત્યાંના નાગરિકો સાથે વાત કરશો તો તેઓ ગુસ્સામાં છે. રાહુલે કહ્યું કે લંકાએ તો ચીનને બંદરગાહ પણ આપી દીધું. ભૂટાન અને માલદીવ સાથે પણ સંબંધો સારા રહ્યાં નથી. આવી રીતે આપણે નજીકના વિદેશી ભાગીદારો અને પાડોશી રાષ્ટ્રો સાથે સંબંધો બગાડી નાંખ્યાં.રાહુલ ગાંધીએ અર્થવ્યવસ્થાને લઈને હાલની સ્થિતિ પર કહ્યું કે જેના પર આપણે દુનિયામાં ગર્વ કરતાં હતા, પરંતુ આજે તેનો સંપૂર્ણ વિનાશ થઈ ગયો છે. બેરોજગાર પોતાની ટોચ પર છે, આપણી મજબૂતી અચાનકથી કમજોરી બની ગઈ. અમે સરકારને કહ્યું કે તેના પર ધ્યાન આપો. અમે કહ્યું કે ઈકોનોમીમાં રૂપિયા નાંખો પરંતુ સરકારે તેમ કરવાને લઈને ઈંકાર કરી દીધો. વીડિયોના અંતમાં રાહુલ ગાંધીએ કહ્યું કે જેને લઈને આજે આપણો દેશ આર્થિક રીતે સંકટમાં છે, વિદેશ નીતિમાં નિષ્ફળતા મળી રહી છે, પાડોશી દેશો સાથે સંબંધો વણસ્યા છે અને આ જ કારણે ચીને નિર્ણય કર્યો કે આ ભારત સામે હિંમત કરવાનો સૌથી સારો સમય છે અને તેના કારણે આક્રમક થયું.

ભારતીય આર્મીનું અપમાન કરવાને લઈને એકતા કપૂર પર ક્રિમીનલ કેસ

મુંબઈ, થોડા સમય પહેલા એકતા કપૂરની વેબ સિરીઝ ‘ટ્રિપલ એક્સ ૨‘ ને લઈને ઘણો હોબાળો થયો હતો. એકતાની આ વેબ સિરીઝમાં બિગ બોસ ૧૩ ફેમ હિન્દુસ્તાની ભાઉએ ભારતીય સેના અને તેના યુનિફોર્મનું અપમાન કરવા બદલ પોલીસ સ્ટેશનમાં રીપોર્ટ નોંધાવ્યો હતો, પરંતુ તેના પર કોઈ વિશેષ કાર્યવાહી કરવામાં આવી ન હતી. પૂર્વ સૈનિકોએ પણ એકતા સામે કેસ કર્યો હતો અને ફરિયાદમાં એવું કહેવામાં આવ્યું હતું કે ‘ટ્રિપલ એક્સ ૨‘ માં દેશના સૈનિકોનું અપમાન કરવામાં આવી રહ્યું છે. એકતા કપૂરે ભારતીય સૈનિકોની માફી માંગી હતી અને વિવાદાસ્પદ દ્રશ્યોને વેબ સિરીઝથી હટાવી દીધા હતા. પરંતુ હવે હિન્દુસ્તાની ભાઉએ એકતા કપૂર વિરુદ્ધ આ વેબ સિરીઝ અંગેના અનેક રહસ્યોનો પર્દાફાશ કર્યો છે. વેબ સિરીઝમાં ભારતીય સેનાના યુનિફોર્મનું અપમાન કરવા બદલ ભાઉએ મુંબઈની મેજિસ્ટ્રેટ કોર્ટમાં ગુનાહિત ફરિયાદ નોંધાવી છે. વિકાસ પાઠક ઉર્ફે ભાઉના એડવોકેટ કાશીફ ખાને માહિતી આપી છે કે આ કેસની સુનાવણી ૨૪ ઓગસ્ટે થવાની છે. કાશીફ ખાને કહ્યું કે, મારા ક્લાયન્ટે એકતા કપૂર અને અન્ય લોકો સામે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કેસ કર્યો હતો. પરંતુ હજી સુધી તેના પર કોઈ તપાસ થઈ નથી, તેથી અમે અદાલતમાં ગુનાહિત ફરિયાદ કરી છે. એકતા ઉપરાંત તેની માતા શોભા કપૂર, પિતા જીતેન્દ્ર કપૂર અને તેના વેબ પ્લેટફોર્મ એએલટીબાલાજી પણ આ કેસમાં સામેલ છે. ભાઉએ અગાઉ જૂન મહિનામાં ‘ટ્રિપલ એક્સ ૨‘ સામે કેસ દાખલ કર્યો હતો અને કહ્યું હતું કે સીરીઝમાં એકતા કપૂરે ભારતીય સેનાના સૈનિકો વિશે ખોટી વાતો બતાવી હતી. જ્યારે સૈનિક સરહદ પર દેશની સેવા કરવા જાય છે, ત્યારે સૈનિકની પત્ની પ્રેમીને ઘરે બોલાવે છે અને તેની સાથે સંબંધ બનાવે છે. તેણે સૈનિકનો યુનિફોર્મ પહેર્યો હતો. ઘનિષ્ઠ દ્રશ્ય દરમિયાન, સ્ત્રી યુનિફોર્મમાંથી ફાડી નાખે છે અને તેની મજાક ઉડાવે છે.

ગેંગરેપ પીડિતાની ધરપકડ પર દેશના ૩૭૬ વકીલોએ પટના હાઈકોર્ટને પત્ર લખ્યો

પટણા, બિહારના અરરિયામાં એક એવો મામલો સામે આવ્યો છે જેમાં કથિત રીતે કહેવામાં આવી રહ્યું છે કે કોર્ટના અનાદરના આરોપમાં દુષ્કર્મ પીડિતા અને તેના બે સહયોગીઓની જેલ મોકલી દેવામાં આવ્યા છે. હવે આ મામલામાં દેશભરના જાણીતા વકીલોએ વિરોધ વ્યકત કરતાં પટણા હાઈકોર્ટે મામલામાં દખલ કરવાની માંગ કરી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તથા અન્ય ન્યાયાધિશોને સંબોધિત કરીને લખવામાં આવેલા પત્રમાં ૩૭૬ વકીલોના હસ્તાક્ષર છે. તેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ૨૨ વર્ષની પીડિતા અને તેની બે સહયોગી સામાજિક કાર્યકર્તાઓની ૧૦ જુલાઈએ આઈપીસીની કલમ ૧૬૪ હેઠળ જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટની સમક્ષ નિવેદન નોંધાવતી વખતે જ્યૂડિશિયલ કસ્ટડીમાં લઈને સમસ્તીપુર જિલ્લાની દલસિંહરાય જેલ મોકલી દીધી હતી. આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે બિહારના અરરિયા જિલ્લાની એક કોર્ટ સમક્ષ પીડિતા પોતાની બે સહયોગીઓ સાથે નિવેદન નોંધાવી રહી હતી. કોર્ટના અનાદરના આરોપમાં તેમને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. આ પત્ર પર પૂર્વ સોલિસિટર જનરલ ઈન્દિરા જયસિંહ, સુપ્રીમ કોર્ટના સીનિયર વકીલ પ્રશાંત ભૂષણ, વૃંદા ગ્રોવર, રેબેકા જોન સહિત ૩૭૬ વકીલોએ હસ્તાક્ષર કર્યા છે. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ ઘટનાને ખૂબ જ સંવેદનશીલ થઈને જોવી જોઈએ. પીડિતા પોતાની સાથે ઘટિત ઘટનાને વારંવાર પોલીસ અને અન્ય લોકોને જણાવવાને કારણે માનસિક તણાવમાં હતી. તેના દ્વારા દુર્વ્યવહારને સંવેદનાની સાથે જોવાની જરૂર છે. પીડીતાની નાજુક સ્થિતિને સમજવાને બદલે તેને જેલ મોકલી દેવામાં આવી.

મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે ૬ જુલાઈએ પીડિતા યુવતી એક પરિચિત યુવકની સાથે મોટરસાઈકલ ચલાવવાનું શીખી રહી હતી. ઘરે પરત ફરતી વખતે ચાર અજાણ્યા લોકોએ તેની સાથે કથિત રીત સામૂહિક દુષ્કર્મ કર્યું હતું. પીડિતાએ ભયના કારણે જન જાગરણ શક્તિ સંસ્થાનની પોતાની એક પરિચિતને ફોન કર્યો. બાદમાં ૧૦ જુલાઈએ નિવેદન નોંધાવવા માટે તેને જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટનો કોર્ટમાં લાવવામાં આવી. આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે કોર્ટમાં પહેલા ચાર કલાક સુધી રાહ જોયા બાદ તેનું નિવેદન નોંધવામાં આવ્યું. આ દરમિયાન કલ્યાણી અને તન્મય નિવેદિતા જ્યારે કોર્ટ પહોંચ્યા તો પીડિતા તેમને સમયસર ન આવવાને લઈ ઊંચા અવાજે વાત કરવા લાગી. મળતી માહિતી મુજબ, કલ્યાણીએ કોર્ટમાં દુષ્કર્મ પીડિતાનું નિવેદન વાંચીને સંભળાવવાની માંગ કરી, જેની પ ઘણી ગરમા-ગરમી થવા લાગી. કોર્ટના પેશકાર રાજીવ રંજન સિન્હાએ દુષ્કર્મ પીડિતા સહિત બે અન્ય મહિલાઓની વિરુદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પીડિતાએ નિવેદન આપીને બાદમાં તેની સામે આપત્તિ વ્યક્ત કરી.

રીયા ચક્રવર્તીને મળી રેપ અને જીવથી મારી નાખવાની ધમકી

મુંબઇ, એક્ટર સુશાંત સિંઘ રાજપૂતનાં નિધન બાદ તેની કથિત ગર્લફ્રેન્ડ રીયા ચક્રવર્તી સોશિયલ મીડિયા પર લોકોનાં નિશાને છે. હાલમાં જ સુશાંતનાં નિધનને એક મહિનો થઇ ગયો. સુશાંત માટે એખ ઈમોશનલ નોટ રેહાએ તેનાં સોશિયલ મીડિયા પેજ પર શેર કરી હતી. જે બાદ તેને સોશિયલ મીડિયા પર રેપ અને જીવથી મારી નાંખવાની ધમકી મળી છે. જે બાદ તેણે આ મામલે સાઈબર ક્રાઈમની મદદ માંગી છે.

બોલિવૂડ એક્ટ્રેસ રીયાએ તેનાં ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટમાં તેણે એક કમેન્ટ દેખાય છે જેમાં તેને રેપ અને જીવથી મારી નાંખવાની ધમકી મળી છે.પોસ્ટ શેર કરતાં રેહાએ કેપ્શનમાં લખ્યુ હતું કે, ‘મારા પર તમામ પ્રકારનાં આરોપો લાગ્યા, હું ચુપ રહી.. મને કાતિલ કહેવામાં આવી, હું ચૂપ રહી.. હું શરમમાં ચૂપ રહી.. ‘ તેમને ધમકી આપનારા વ્યક્તિ @mannu_raaut પર નિશાન સાધતા કહ્યું કે, પમ મારી ચુપ્પી આપને તે કહેવાનો અધિકાર કેવી રીતે આપે કે જો હું આત્મહત્યા નહીં કરું તો મારો રેપ અને મર્ડર કરવામાં આવશે.

શું આપે જે કહ્યું તેની ગંભીરતાનો આપને અહેસાસ છે ? આ અપરાધ છે. હું ફકરી કહુ છુ કે, કોઈપણ આ પ્રકારની વિષાક્તા અને ઉત્પીડનનાં આધિન ન હોવું જોઈએ.તેણે કહ્યું કે, સાઈબર ક્રાઈમમાં મદદ માંગતા આ મામલે જરૂરી કાર્યવાહીનો અનુરોધ કરવામાં આવ્યો છે. પોસ્ટનાં અંતમાં લખ્યું છે, હવે બહુ થઇ ગયુ છે.

આપને જણાવી દઈએ કે, સુશાંતનાં નિધનને એક મહિનો થવા આવ્યો જે રેહાની પોસ્ટ શેર કરી હતી. તેનાં પર ઘણાં લોકોએ કમેન્ટ કરી હતી.

મોદી રામ મંદિરનો પાયો નાખવા માટે ઓગસ્ટમાં અયોધ્યા જઈ શકે છે

નવીદિલ્હી, ભગવાન રામના ભવ્ય અને દિવ્ય મંદિરના નિર્માણ માટે તૈયારીઓ ચાલી રહી છે. આ વચ્ચે સૂત્રોના અહેવાલથી એક મોટી જાણકારી સામે આવી રી છે કે, રામ મંદિરના પૂજન માટે ૩ થવા ૫ ઓગસ્ટના પીએમ મોદી અયોધ્યા જઈ શકે છે.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ૮ મહિનામાં હવે રામ મંદિર નિર્માણ શરૂ થવાનો શુભ સમય આવી રહ્યો છે. ભૂમિ પૂજન માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રણ અથવા પાંચ ઓગસ્ટના અયોધ્યા જઇ શકે છે.તેની વિસ્તૃત રૂપરેખાની સાથે જાહેરાત ટ્રસ્ટની ૧૮ જુલાઈની બેઠકમાં થઈ શકે છે. રામજન્મભૂમિ ટ્રસ્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર અ.યોધ્યામાં રામ મંદિરના ગર્ભગૃહમાં ભૂમિ પૂજન કરી પ્રધાનમંત્રી ભવ્ય મંદિર નિર્માણનું વિધિવત શરૂઆત કરશે.આ સમય દરમિયાન કેટલાક પસંદ કરેલા કેન્દ્રીય મંત્રીઓ તેમની સાથે જોડાશે. કોરોનાને ધ્યાનમાં રાખીને, ભૂમિપૂજન કાર્યમાં કોઈ ભીડ અથવા સમારોહ યોજાશે નહીં.

રામ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલદાસે પીએમ નરેન્દ્ર મોદીને અયોધ્યાની મુલાકાત માટે પત્ર લખ્યો હતો. ટ્રસ્ટ પ્રમુખે એમ પણ લખ્યું છે કે વર્ચુઅલ અથવા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નહીં પણ મોદી સ્વંય અયોધ્યામાં આવે અને રામ મંદિર નિર્માણનો પાયો નાખે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રમુખ મહંત નૃત્ય ગોપાલ દાસે કહ્યું હતું કે અમે ટ્રસ્ટ વતી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે અને તેમને રામ મંદિરનો શિલાન્યાસ કરવા આમંત્રણ મોકલ્યું છે. નૃત્ય ગોપાલ દાસે કહ્યું કે અમે પ્રધાનમંત્રીને ખાતરી આપી હતી કે આખો કાર્યક્રમ ખૂબ જ સરળ રહેશે અને ખાસ સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરવામાં આવશે. કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને ભીડ એકઠી નહીં થાય.

ઝઘડિયા તાલુકાના ગામની કળયુગી ઘટના

સસરાએ અવારનવાર તેની વિધવા પુત્રવધુ ઉપર બળાત્કાર ગુજારતા સસરા વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) ભરૂચ, તું મારી મિલકત ઉપર જીવે છે તું મારા છોકરાની વહુ છે હું તને દાવો આપીને લાવેલો છું મારો છોકરો નથી તો શું થયું મને સંબંધ બાંધવા કેમ નહી દેય× તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી સસરો અવારનવાર તેની વિધવા પુત્રવધૂ ત્રણ સંતાનની માતા પર બળાત્કાર ગુજારતો હતો.

પુત્રવધુએ સસરા વિરૂદ્ધ ઉમલ્લા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ઝઘડિયા તાલુકાના વાંકલ ગામે રહેતી ત્રણ પુત્રની માતા એવી વિધવા મહિલાને તેના સસરા દ્વારા એવું કહી જોર જુલમ કરી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યો હતો કે ×તું મારી મિલકત ઉપર જીવે છે તું મારા છોકરાની વહુ છે હું તને દાવો આપીને લાવેલ છું મારો છોકરો નથી તો શું થયું તું મને સંબંધ બાંધવા કેમ નહીં દેય× તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતા પુત્રવધુએ પોતાના સસરા બચુ નોળકા વસાવા વિરુદ્ધ ઉમલ્લા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ઝઘડિયા તાલુકાના વાંકલ ગામે રહેતી મંજુલાબેન બળદેવભાઈ વસાવાના લગ્ન બળદેવભાઈ સાથે થયા હતા. તેમના ૨૭ વર્ષના લગ્નજીવન દરમિયાન તેમને ચાર સંતાન હતા. બળદેવભાઈનું આઠ વર્ષ પહેલા કેન્સરની બીમારીને કારણે મૃત્યુ થયું હતું. જેથી મંજુલાબેન તેના સાસુ સસરાથી અલગ રહી તેના પતિને જંગલખાતા તરફથી મળેલ જમીન ખેડી મજુરી કરી તેના પરિવારનું પાલન-પોષણ કરે છે. છેલ્લા કેટલા સમયથી તેના સસરા બચુ નોળકા વસાવા દ્વારા અવારનવાર જબરજસ્તી કરી તેની પુત્રવધૂ સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર કરતો હતો. આજથી ૧૦ દિવસ પહેલા મંજુલાબેન રાત્રિના સમયે તેમના છોકરાઓ સાથે ઘરે હાજર હતા તે દરમિયાન તેનો સસરો બચુ નોળકા વસાવા તેમના ઘરમાં આવેલ અને તેની પુત્રવધૂ સાથે ગાળાગાળી કરી તેને હાથ પકડી ઊભી કરી જબરજસ્તીથી બાજુની અડાળીમાં લઈ ગયેલ અને કહેતો હતો કે ×તું મારી મિલકત ઉપર જીવે છે તું મારા છોકરાની વહુ છે હું તને દાવો આપીને લાવેલ છું મારો છોકરો નથી તો શું થયું મને સંબંધ બાંધવા કેમ ના દેય× તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી તેની પુત્રવધૂ સાથે જબરજસ્તી કરી શારીરિક સંબંધ બાંધી જતો રહ્યો હતો. આ અગાઉ પણ બચુ નોળકા વસાવાએ અનેકવાર બે ત્રણ દિવસના અંતરે તેની પુત્રવધૂના ઘરમાં આવી શારીરિક સંબંધ બાંધ્યો હતો અને આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. મહિલાએ વધુ તેના સસરા પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે તેનો સસરો બચુ નોળકા વસાવા માથાભારે અને ઝનૂની સ્વભાવનો હોય તેથી પીડિત મહિલાને કોઈ ગામમાંથી પણ મદદ કરવા આવતું નથી અને તેની સાસરીના પરિવારજનો તેમજ સગા સંબંધીઓ સમાજમાં કે ગામમાં ઈજ્જત ના જાય તે ડરથી ફરિયાદ કરવા આવેલ નહીં. ત્યારબાદ તેમના કુટુંબીજનો અને સગાવહાલાઓ એ આ બાબતની ચર્ચા વિચારણા કરતા પીડિત મહિલાએ તેના સસરા બચુ નોળકા વસાવા રહે.વાંકોલી વિરુદ્ધ ઉમલ્લા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.★

ચીન પાકિસ્તાનનાં ગ્વાદરમાં વિશાળ નૌસૈનિક અડ્ડો બનાવી રહ્યું છે

નવીદિલ્હી, લદ્દાખમાં પાકિસ્તાન સાથે મળીને ભારતને ઘેરવામાં લાગેલું ચીન હવે અબજો ડૉલરનાં હથિયારોની મદદથી પાકિસ્તાની નેવીનો રંગ-રૂપ બદલવા જઈ રહ્યું છે. ચીન પાકિસ્તાનનાં ગ્વાદરમાં વિશાળ નૌસૈનિક અડ્ડો બનાવી રહ્યું છે. એટલું જ નહીં, હવે ભારતનાં મિત્ર દેશ રહેલા ઈરાન પર પણ તેની નજર છે જ્યાં ભારતે ચાબહાર પૉર્ટનો વિકાસ કર્યો છે. ભારતનાં ઘોર વિરોધી રહેલા પાકિસ્તાનની નૌસેનાને આધુનિક બનાવવા માટે ચીને હથિયારોનો ખજાનો ખોલી દીધો છે. પાકિસ્તાને ચીનથી યુઆન ક્લાસની ૭ ડીઝલ-ઈલેક્ટ્રિકથી ચાલનારી સબમરીન માટે કરાર કર્યા છે.

આ સબમરીન એર ઈન્ડિપેન્ડેંટ પ્રપૉલ્શનથી સજ્જ છે અને લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકે છે. આ ઉપરાંત ચીને પાકિસ્તાનને ટાઈપ -૦૫૪છ શ્રેણીનાં સ્ટીલ્થ ફ્રીગેટ્સ આપી રહ્યું છે જે રડારને પણ હાથતાળી આપી દેવા માટે સક્ષમ છે. આ ઉપરાંત ચીન અનેક અન્ય હથિયાર પાકિસ્તાની નૌસેનાને આપી રહ્યું છે. આ માટે પાકિસ્તાને ચીનની સાથે ૭ અબજ ડૉલરની ડીલ કરી હતી. પાકિસ્તાન હવે પોતાના ૭૦ ટકા હથિયારો ચીનથી ખરીદી રહ્યું છે. ચીન પાસેથી આ હથિયારો મળતા જ પાકિસ્તાનની નૌસેના ઘણી જ શક્તિશાળી થઈ જશે. પાકિસ્તાનને ચીન પાસેથી આ હથિયારો ૨૦૨૧-૨૩ની વચ્ચે મળશે. પાકિસ્તાનને મળનારી ચીની યુઆન ક્લાસની સબમરીન દુનિયામાં સૌથી શાંત મનાતી સબમરીનમાંથી એક છે.

ચીન પાકિસ્તાનનાં સહારે હિંદ મહાસાગરમાં ઘુસણખોરી કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. પાકિસ્તાનાં ગ્વાદરમાં ચીનનાં નેવલ બેઝનાં સંકેત મળ્યા છે અને માનવામાં આવી રહ્યું છે કે આ બેઝનાં બનવાથી હિંદ મહાસાગરમાં ચીનની મજબૂતી વધી જશે. તાજેતરની સેટેલાઈટ તસવીરોથી જાણી શકાય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં અહીં અનેક નવા કૉમ્પલેક્સ બન્યા છે. ગ્વાદર ચીનની બેલ્ટ એન્ડ રૉડ યોજનાનો મહત્વનો ભાગ છે. લદ્દાખમાં ભારતીય જમીન પર કબજો કરવાની ફિરાકમાં લાગેલું ચીન હવે ભારતને તેના ઘર હિંદ મહાસાગરમાં ઘેરવાની તૈયારમાં લાગ્યું છે.

આ માટે ચીન ચારેય બાજુ અભિયાન ચલાવી રહ્યું છે. એક તરફ ચીન જિબૂતી, ગ્વાદર અને માલદીવમાં નેવલ બેઝ બનાવવાની તૈયારી કરી રહ્યું છે. તો બીજી તરફ તે ભારતનાં શત્રુ પાકિસ્તાનને આધુનિક હથિયાર આપીને તેને શક્તિશાળી બનાવી રહ્યું છે. નેવલ બેઝ બનાવવાથી ચીનને તેના સૈન્ય સરંજામને તાત્કાલિક કોઈ જગ્યાએ મોકલવા પર સરળતા રહેશે. ચીનનો પ્રયત્ન છે કે સાઉથ ચાઈના સી પર કબજા બાદ દક્ષિણ એશિયા પર પોતાનો દબદબો જાળવી રાખવામાં આવે. એટલું જ નહીં ચીન બાંગ્લાદેશ અને લંકાને પણ મોટા પ્રમાણમાં હથિયારોનો સપ્લાય કરી રહ્યું છે. ચીન બાંગ્લાદેશ અને મ્યામાંરમાં નેવલ બેઝ તૈયાર કરી રહ્યું છે.

૨૦ રાજ્યોમાં કોવિડ-૧૯નો રિકવરી દર રાષ્ટ્રીય સરેરાશથી વધુ

નવીદિલ્હી, ભારતમાં કોરોના વાયરસ વિશે એક મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે.કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી એક નિવેદનમાં જણાવ્યા મુજબ દેશના ૨૦ રાજ્યોમાં કોરોના દર્દીઓનો રિકવરી રેટ રાષ્ટ્રીય સરેરાશથી વધુ છે. વર્તમાનમાં દેશના કુલ દર્દીઓ ઠીક થવાનો દર ૬૩ ટકા છે. ઉલ્લેખનીય છે કે દેશમાં કોરોના વાયરસના દર્દીઓનો આંકડો સતત વધી રહ્યો છે પરંતુ આ દરમિયાન મહામારીથી રિકવર થતા દર્દીઓની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે.

આરોગ્ય મંત્રાલય તરફથી રાજેશ ભૂષણે કહ્યુ, રાષ્ટ્રીય સ્તરે મેમાં રિકવરી રેટ લગભગ ૨૬ ટકા હતો, મેના અંત સુધી આ લગભગ ૪૮ ટકા થઈ ગયો, જુલાઈ આવવા સુધી આ લગભગ ૬૩ ટકા થઈ ગયો છે. રાજેશ ભૂષણે આગળ જણાવ્યુ કે કુલ કેસોમાંથી ૮૬ ટકા કેસ માત્ર ૧૦ રાજ્યો સુધી જ સીમિત છે. આમાંથી ૨ રાજ્ય મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં ૫૦ ટકા કેસ છે અને ૮ અન્ય રાજ્યોમાં ૩૬ ટકા કેસ છે. આ ઉપરાંત માર્ચમાં પ્રતિદિવસ કેસો વધવાની ગતિ લગભગ ૩૧ ટકા હતી, મેમાં તે ૯ ટકા થઈ ગઈ, મેના અંત સુધી તે લગભગ ૫ ટકા થઈ ગઈ. જો આપણે ૧૨ જુલાઈના આંકડા જોઈએ તો આ ૩.૨૪ ટકા છે.

આ સાથે જ રાજેશ ભૂષણે જણાવ્યુ કે ભારતમાં પ્રતિ ૧૦ લાખ જનસંખ્યા પર કોરોનાના કારણે થતા મોતની સંખ્યા ૧૭.૨ છે જ્યારે બીજા દેશોમાં આ ભારતથી ૩૫ ગણુ છે. રાજેશ ભૂષણે જણાવ્યુ કે ભારતમાં પ્રતિ ૧૦ લાખ જનસંખ્યા પર કોરોના કેસોની સંખ્યા ૬૫૭ છે. આપણે દુનિયાના એ દેશોમાંથી છે જેમાં પ્રતિ ૧૦ લાખ જનસંખ્યા પર કોરોના વાયરસના કેસ સૌથી ઓછા છે. તેમણે આગળ જણાવ્યુ કે વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર જો આપણે પ્રતિ ૧૦ લાખ જનસંખ્યા પર ૧૪૦ લોકોના ટેસ્ટ રોજ કરીએ તો આ કૉમ્પ્રેહેન્સિવ ટેસ્ટિંગ છે, ભારતમાં ૨૨ રાજ્યો એવા છે જેમાં રોજ ૧૦ લાખ જનસંખ્યા પર ૧૪૦થી વધુ લોકોનો ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે.

ઉત્તર પ્રદેશમાં બ્રાહ્મણો પર અત્યાચાર થઈ રહ્યાં છે : જિતિન પ્રસાદ

લખનૌ, વિકાસ દુબે એક્રાઉન્ટરને લઈને કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીય મંત્રી રહેલા જિતિન પ્રસાદે ખુબ જ વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે સીધી રીતે સરકાર પર સવાલ ઉઠાવતા કહ્યું કે ઉત્તર પ્રદેશમાં બ્રાહ્મણો પર અત્યાચાર થઈ રહ્યાં છે. જેને લઈને પ્રદેશના બ્રાહ્મણોમાં સરકાર વિરુદ્ધ ખુબ રોષ છે. જિતિન પ્રસાદે કહ્યું કે બ્રાહ્મણ ચેતના સંવાદ દ્વારા તેઓ યુપીના બ્રાહ્મણોને એકજૂથ કરી રહ્યાં છે. જિતિન પ્રસાદનું એમ પણ કહેવું છે કે વિકાસ દુબે એક્રાઉન્ટર મામલે સુપ્રીમ કોર્ટની નિગરાણીમાં વિશેષ તપાસ થવી જોઈએ. જિતિન પ્રસાદે આરોપ લગાવ્યો કે વિકાસ દુબેને અપરાધી બનાવવામાં સમગ્ર તંત્ર સામેલ છે. એક્રાઉન્ટર પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે વિકાસ દુબેના એક્રાઉન્ટરમાં પોલીસે બંધારણીય રીતે કામ કર્યુ નથી. જે કામ ન્યાયપાલિકનું હતું તે કામ ખુદ સરકાર કરી રહી છે. તેમણે સીધો આરોપ લગાવ્યો કે યુપીમાં બ્રાહ્મણ સમાજને નિશાન બનાવીને તેમના પર અત્યાચાર થઈ રહ્યાં છે. આ અગાઉ વિકાસ દુબે એક્રાઉન્ટર પર સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે પણ નિવેદન આપ્યા હતાં. તેમણે પણ કેસની તપાસની માગણી કરતા એક્રાઉન્ટરને સમજી વિચારીને રમાયેલી ચાલ ગણાવી હતી.

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

હજી એક વર્ષ સુધી સિનેમા ઘર ખુલવાના નથી : શેખર કપૂર

મુંબઈ, કોરોના વાયરસને કારણે લોકો પરેશાન થયા છે. આ મહામારીની અસર લોકોનાં કામકાજ પર પણ પડી રહી છે. જેની સૌથી વધુ અસર ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર થઇ છે. માર્ચ ૨૦૨૦થી થિયેટરો બંધ છે. શૂટિંગ ધીરે ધીરે શરૂ થઈ રહી છે. આ પરિસ્થિતિમાં ફિલ્મ મેકર શેખર કપૂરે દાવો કર્યો છે કે, હજી એક વર્ષ સુધી સિનેમા ઘર ખુલવાના નથી. શેખર કપૂરનાં આ ટ્વિટ બાદ મેકર્સની સાથે ડાયરેક્ટર્સમાં પણ હલચલ વધી ગઇ છે.

શેખર કપૂરે ટ્વિટમાં લખ્યું છે કે, ‘સિનેમાઘર આવતા એક વર્ષ સુધી ખુલવાના નથી. આવી પરિસ્થિતિમાં પહેલા જ હપ્તામાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધારે બિઝનેસ કરવાની હાઈપ બંધ થઇ ગઇ છે. આ કારણે થિયેટ્રિકલ સ્ટાર સિસ્ટમ પણ ખતમ થઈ જશે. સ્ટાર્સને પોતાની ફિલ્મની રિલિઝ માટે ઓટીટી પ્લેટફોર્મમ અજમાવવું પડશે કે તેઓ પોતાના એપ્સનાં માધ્યમથી ફિલ્મને સ્ટ્રીમ કરી શકશે. ટેકનોલોજી ઘણી સરળ છે. કોરોનાકાળના વધતા પ્રકોપને જોતા મેકર્સ પણ પોતાની ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરી રહ્યાં છે. ગુલાબો સિતાબો બાદ અનેક મોટી ફિલ્મો ઓટીટી પર રિલીઝ થવા જઇ રહી છે. જેમા અક્ષયકુમાર સ્ટારર લક્ષ્મી બોમ્બ, વિદ્યાબાલન સ્ટારર શકુંતલા દેવી, અજય દેવગણ સ્ટારર ભુજઃ ધ પ્રાઇડ ઓફ નેશન, આલિયા ભટ્ટ સ્ટારર સડક-૨ પણ સામેલ છે. સ્વર્ગીય સુશાંત રાજપૂતની ફિલ્મ દિલ બેચારા પણ હોટસ્ટાર પર રજૂ થશે જેની જાહેરાત થઈ ચૂકી છે.

થાણાસાવલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

(માહિતી બ્યુરો) લુણાવાડા, કોરોનાવાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરત પણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે હાથીવન ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ. બી. શાહની રાહબરીમાં થાણાસાવલી પી. એચ. સીનાં મેડીકલ ઓફીસર ડૉ. હિરેન કુમાર પટેલ અને રેડ ક્રોસ સોસાયટીનાં ડૉ. ચૌહાણ તેમજ આરોગ્ય ટીમ દ્વારા યોજવામાં આવેલા રક્તદાન કેમ્પમાં ૬૮ જેટલા રક્તદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં અનેરું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ રક્તદાન કેમ્પમાં કોરોનાવાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈના દિશાનિર્દેશોનું પાલન અને ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રક્તદાન કરાવવામાં આવ્યું હતું.

આ રક્તદાન કેમ્પમાં દાતાઓ જયારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝર ની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રક્તદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રક્તદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુ રહિત રહે તેનો સુચારુ આયોજન કર્યુ હતું. આ રક્તદાન કેમ્પમાં ૬૮ યુનિટ બ્લડનું કલેકશન કરવામાં આવ્યું હતું રક્તદાનએ શ્રેષ્ઠ મહાદાન છે જે કોરોનાના દર્દી, એનેમિક સગર્ભા બહેનો અને થેલેસેમિયાના દર્દીઓને પણ જરૂર પડે તો આ સંગ્રહ કરેલ રક્તનો પ્રવાહ પહોંચાડી શકાય તે માટે કોરોના મહામારી ના સમય વચ્ચે પણ આ રક્તદાન કેમ્પ જન ઉપયોગી બની રહેશે.

॥ પુસ્તિકા બેસણામાં વહેંચો ॥

“કેવી પ્રાત : પ્રભુપૂજા પ્રભુ ને ગમે”
સ્વર્ગસ્થ ના ફોટા સાથે રૂ ૭/- પેજ -૩૬
ફોટા વિના રૂ ૫/-માં આપો, ખાલી ન મોકલો
હું જીવાત્મા પ્રભુપુત્ર તે સબંધે પૂજા છે.
સવારે પૂજા તે મન - બુદ્ધિનું સ્નાન છે.
અદ્રશ્ય, અદ્વ્ય પ્રભુ જોડે પ્રેમ પૂજા થી થાય
પ્રભુ પૂજા સબંધ વિના વિકાસ ખોખલો છે,
સૌ પૂજા પુસ્તિકા ૨૫-૫૦ કે ૧૦૦ મંદિરોમાં
દર્શનાર્થીઓને આપવા પૂજારીને આપો,
આપતા આનંદ, લુખા ન રહેવું, ભાવ ભરો,
ઘરડા ઘરો, છુટાછેડા અટકે પૂજા સંસ્કારે
તૂટતા કુંટુંબો સમાજો, અટકે પૂજા સંસ્કારે
અસંયમી ભોગોમાં સંયમ લાવે પૂજા સંસ્કાર
સૌ જાગો પૂજા સંસ્કાર ઘરે ઘરે પહોચાડો
સંકલ્પ કરો પૂજા પુસ્તિકા હું ભેટ આપીશ
પૈસા પૂજા સંસ્કૃતિ જીણોધ્ધારમાં વાપરીશ
અવશ્ય ફો. કરો, મો ૮૧૨૮૨૮૬૧૬૧

PUBLIC NOTICE

We, **M/s Jyoti Resins & Adhesives Limited** hereby bring into the notice of general public that the MoEF & CC, New Delhi has granted **Environmental Clearance** for the proposed expansion "Manufacturing unit of Synthetic Resin Adhesive at Survey No. 873, Ranchhodpura Road, Village Santej, Tal. Kalol, Dist. Gandhinagar, vide F.No. J-11011/429/2017- IA-II(I) dated 14.07.2020. The copy of the environmental clearance letter is available on website of MoEF & CC on http://parivesh.nic.in

Jagdish N. Patel (Managing Director)
Jyoti Resins & Adhesives Ltd.
Date : 18-07-2020

વાયનોફલેક્સ લી.

રજીસ્ટર્ડ ઓફીસ : 307, સિલ્વર ચેમ્બર,
ટાગોર રોડ, રાજકોટ–360 002.
CIN : L25200GJ1993PLC019830
ફોન :0281-2468345, 2468776, 2468328
ફેક્સ : 0281-2468839
વેબસાઈટ : www.vinyoflex.com
ઈ–મેઈલ : info@vinyoflex.com

નોટીસ

આથી નાટીસ આપવામાં આવે છે કે સેબીના (લિસ્ટીંગ ઓબ્લિગેશન એન્ડ ડીસક્લોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૯ અને ૪૭ ના નિયમોને ધ્યાને લેતા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર ની મિટીંગ મંગળવાર, તા. ૩૦ મી જુલાઈ ૨૦૨૦ ના રોજ બપોરે ૪:૦૦ કલાકે કંપનીના વહીવટી કાર્યાલય રાજકોટ ખાતે બોલાવવામાં આવેલ છે. ૩૦ મી જુન ૨૦૨૦ના રોજ પુરા થતા પહેલા ત્રીમાસીક નાણાકીય પરીણામને ધ્યાનમાં લેવા અને મંજુર કરવા માટે મળશે.

આ નોટીસની માહિતી બીએસઈ લિમિટેડ (www.bseindia.com),
અને કંપનીની વેબસાઈટ પર
(www.vinyoflex.com)
ઉપલબ્ધ થશે

સ્થળ : રાજકોટ
તારીખ: ૨૦ જુલાઈ ૨૦૨૦

વાયનોફલેક્સ લી. વતી
સી.એસ. હેતલ લોઢીયા
કંપની સેક્રેટરી અને
કમ્પ્લાયન્સ ઓફીસર
M.No. A46684